# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-02-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

**સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો આજે જાહેર થઈ રહ્યા છે. જેમાં જૂનાગઢ મહાનગરપાલિકા, 68 નગરપાલિકા અને 3 તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાન યોજાયું હતું . 66 નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ સરસાઇ મેળવી રહ્યું હોવાના અહેવાલ મળી રહ્યાં છે. મહીસાગર જિલ્લાની લુણાવાડા, સંતરામપુર, બાલાસિનોર નગરપાલિકા સહિત ખાનપુર તાલુકાની કનોડ તાલુકા પંચાયતમાં ભાજપનો વિજય થયો છે. સુરેન્દ્રનગર જિલ્લાની થાનગઢ નગરપાલિકાની ચૂંટણીમાં પણ ભાજપે જીત મેળવી છે. નગરપાલિકાની 28 બેઠકોમાંથી 25 બેઠકો પર ભાજપની જીત થઈ છે. દરમિયાન, બીલીમોરા નગરપાલિકાની ચૂંટણીમાં 33 બેઠકોમાંથી 27 પર વિજય મેળવીને ભારતીય જનતા પાર્ટીએ સત્તા જાળવી રાખી છે. જુનાગઢ મહાનગરપાલિકામાંની 60 બેઠકમાંથી ભાજપે 48 બેઠક જીતી છે. જ્યારે કોંગ્રેસે 11 અને અપક્ષે 1 બેઠક પોતના નામે કરી છે.**

---------------------------------------------------------------------------

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-કચ્છ

**રાજ્યની સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આજે મતગણતરી થઈ રહી છે. એક પછી એક બેઠકોના પરિણામ સામે આવી રહ્યા છે, જેમાં મોટા ભાગની બેઠકો પર ભારતીય જનતા પાર્ટી જીત મેળવી છે અને બાકીની બેઠકો પર આગળ હોવાનું જાણવા મળી રહ્યુ છે.**

**કચ્છમાં પણ બે નગરપાલિકા અને ત્રણ તાલુકા પંચાયતની બેઠકો માટે ચૂંટણી યોજાઇ હતી. સાંભળીએ વિશેષ અહેવાલ...**

વોઇસ કાસ્ટ : પરેશ મારૂ

*રાજ્યની સાથે કચ્છમાં પણ બે નગરપાલિકા અને ત્રણ તાલુકા પંચાયતની બેઠકોના પરિણામ જાહેર થઇ ચૂક્યા છે.*

*ભચાઉ નગરપાલિકામાં કુલ 7 વોર્ડની 28 બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાંથી ભાજપે 17 બેઠકો બિનહરીફ જીતી હતી. જ્યારે બાકીની 11 બેઠકોના પરીણામે આજે જાહેર થતા તમામ 11 બેઠકો પર ભાજપે જીત મેળવી લીધી છે. આમ ભચાઉ નગરપાલિકાની તમામ 28 બેઠકો ભારતીય જનતા પાર્ટીએ કબ્જે કરી છે.*

*રાપર નગરપાલિકામાં કુલ 28 બેઠકોમાંથી 21 બેઠક ભાજપે જીતી લીધી છે, જ્યારે 7 બેઠકો કોંગ્રેસે જીતી છે. આ પહેલા એક બેઠક બિનહરીફ થઇ હતી. મત ગણતરીની આ કામગીરીમાં 65થી વધુ કર્મચારીઓ રોકાયેલા હતા.*

*કચ્છની ત્રણ તાલુકા પંચાયતની પેટા ચૂંટણી યોજાઇ હતી જેમાં ત્રણે બેઠકો પર ભાજપે જીત મેળવી છે. માંડવી તાલુકાની દશરડી બેઠક પર વિનોદ જબુઆણીને 2336 મત, મુન્દ્રા તાલુકાની મોટી ભુજપુર બેઠકમાં નારાણ કાના શાખરાને 1789 મત અને ભચાઉ તાલુકાની લાકડિયા બેઠક માટે હરિભા ગઢવી 1658 મત મેળવી વિજયી થયા છે.*

*સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ સારો દેખાવ કરતા કાર્યકરો અને પક્ષના મોવડીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ફટાકડા ફોડી અને એકબીજાનુ મોઢું મીઠું કરાવી શુભેચ્છાઓ આપવામાં આવી રહી છે. ઠેર ઠેર વિજેતા ઉમેદવારો જીતને વધાવવા વિજય સરઘસ કાઢીને મતદારોનો આભાર વ્યક્ત કરી રહ્યા છે. રાપર ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાનું ભાજપ સમર્થકોએ બહુમાન કરી વિજયયાત્રા યોજી હતી.*

---

કલેક્ટર : બેઠક પ્રાકૃતિક ખેતી

કચ્છ કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને કચ્છમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય તે હેતુથી માસિક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર કલ્પેશ મહેશ્વરી દ્વારા પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે કરવામાં આવી રહેલા વિવિધ પ્રયાસો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. જે બાદ જિલ્લા કલેક્ટરએ પ્રાકૃતિક કૃષિના લાભ ખેડૂતોને સમજાવીને પ્રાકૃતિક પેદાશોના વાવેતર સાથે જ તેના વેચાણ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવા, ખેડૂતોની ઇ-બુક તૈયાર કરવા, ખેડૂતોની પ્રાકૃતિક કૃષિ હેઠળની જમીનનું જીઓ મેપીંગ કરવા અંગે સૂચન કર્યું હતું.

---

## માતૃભાષા સપ્તાહ ઉજવણી : કચ્છ યુનિવર્સિટી

ગાંધીનગર ગુજરાત સાહિત્ય અકાદમી અને કચ્છ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ નિમિત્તે આગામી 21 મી ફેબ્રુઆરીના સવારે સાડા દસ વાગ્યે માતૃભાષા મહોત્સવ 2025ની ઉજવણી નિમિત્તે કચ્છ યુનિવર્સિટી ખાતે વ્યાખ્યાન યોજાશે. જેમાં મળ કચ્છી ભાષામાં લખાયેલ લેખક ગૌતમ જોષીની વાર્તાઓનો ગુજરાતી અનુવાદ ડો.કાશ્મીરા મહેતા દ્વારા કરાયેલ પુસ્તક કચ્છી વાર્તા વૈભવનું વિમોચન કરવામાં આવશે.

---

## કાજરી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

જિલ્લામાં આવેલ કાજરી-કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કુકમા દ્વારા મિશન ફોર ઇન્ટિગ્રેટેડ ડેવલ્પમેન્ટ ઓફ હોર્ટિકલ્ચર પ્રોજેક્ટ હેઠળ ભુજ તાલુકાના કુનરિયા ગામ ખાતે બીજ મસાલાની સુધારેલી ખેતી વિષય પર તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 111 સહભાગીઓએ ભાગ લીધો હતો. જેમને જમીનના પોષણ માટે જીવામૃત અને ખારી જમીનને સુધારવા માટે હ્યુમિક (Humik) એસિડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---